# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ

રજીસ્ટર્ડ અને કોર્પોરેટ ઓફીસ, લક્ષ્મી નગર, નાના મવા મેઈન રોડ,
રાજકોટ–૩૬૦૦૦૪.

## **આવકારે છે.**

**વીજ વિતરણ ક્ષેત્રે સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તારમાં અને વાર્ષિક રૂ. ૪૨૦૦ કરોડનું ટર્નઓવર, ૧૧૫૦૦ માનવશકિત તેમજ પ્રોત્સાહિત કાર્યક્ષેત્ર ધરાવતી પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારો પાસેથી " વિદ્યુત સહાયક (જુનિયર એન્જીનીયર) " ની જગ્યા માટે અરજી માંગવામાં આવે છે.**

| | |
|---|---|
| (૧) શૈક્ષણિક લાયકાત | બી. ઈ. (ઈલેકટ્રીકલ) ઓછામાં ઓછા ૬૦ % માર્કસ (સેમીસ્ટર ૭ અને ૮ ના એગ્રીગેટ માર્કસ) બિન અનામત ઉમેદવાર માટે અને ૫૫ % માર્કસ (સેમીસ્ટર ૭ અને ૮ ના એગ્રીગેટ માર્કસ) અનામત ઉમેદવાર માટે (બંને સેમીસ્ટર પ્રથમ પ્રયત્ને પાસ કરેલ હોવી જોઈએ). |
| (૨) વય મર્યાદા | ૩૦ વર્ષથી ઓછી બિન અનામત ઉમેદવાર માટે અને ૩૫ વર્ષથી ઓછી અનામત ઉમેદવાર માટે (જાહેરાતની તારીખના રોજ) . |
| (૩) પગાર ધોરણ | બે વર્ષ માટે ફીકસ પગાર પ્રથમ વર્ષ અને બીજા વર્ષે વર્ષે અનુક્રમે પ્રતિ માસ ૯ ૦૦૦ અને ૧૦૦૦૦. કંપનીના નિયમ મુજબ પર્સનલ એકસિડન્ટ પોલીસી, ટી.એ. / ડી. એ. રીએમ્બર્સમેન્ટ સિવાય અન્ય કોઈ લાભો મળવા પાત્ર નથી. |
| (૪) જગ્યાની સંખ્યા | આશરે૧૦૦ (૭૧ બિન અનામત, ૧૨ સા.શૈ.પ.જા., ૧૭ અ.જ.જા.) |

ઉપરોકત જગ્યાઓ પી.જી.વી.સી.એલ. ના કાર્યક્ષેત્ર હેઠળની છે.(સૌરાષ્ટ્ર – કચ્છ વિસ્તાર)

**અન્ય નિયમો અને શરતો :–**

૧. પસંદગી પામેલ ઉમેદવારને નિમણુંક પર હાજર થયાની તારીખથી બે વર્ષ માટે વિદ્યુત સહાયક જુનિયર એન્જીનિયર તરીકે નિમણૂક આપવામાં આવશે. નિમણુંકનો સમયગાળો દાસ કમીટીની ભલામણને આધીન રહેશે. વિદ્યુત સહાયક તરીકેનો સમયગાળો સફળતાપૂર્વક પૂરો કરનારને જુનિયર એન્જીનિયર તરીકે રૂા. ૬૫૦૦–૨૫૦–૯૦૦૦–૨૭૫–૧૧૭૫૦ ના પગાર ધોરણમાં નિમણૂક માટે લાયક ગણવામાં આવશે.

૨. ગુજરાતી ભાષાનુ જ્ઞાન આવશ્યક છે.

૩. ઈન્ટરવ્યુ માટે ઉમેદવારોની યાદી કેટલી રાખવી તે નકકી કરવાની સતા મેનેજમેન્ટ હસ્તક રહેશે. પસંદગી અને નિમણૂક કંપનીના સમયાંતરે ફેરફાર થતા કાયદાઓને આધીન રહેશે.

૪. અધુરી વિગતો દર્શાવતી તેમજ જરૂરી જોડાણ વગરની અરજી કોઈપણ જાતનું કારણ આપ્યા વગર રદ ગણવામાં આવશે.

૫. વિદ્યુત સહાયકને જુનિયર એન્જીનિયરની પી.જી.વી.સી.એલ. માંથી અન્ય કોઈ કંપનીમાં બદલી થઈ શકશે નહિ.

૬. પસંદગી પામેલ ઉમેદવારે ફીલ્ડમાં ટેકનિકલ કામગીરી તેમજ ઘનિષ્ઠ ફીલ્ડ વર્ક અને રોજે રોજની મુસાફરી કરવાની રહેશે. ફરજના પ્રકાર મુજબ જે ઉમેદવાર આ પોસ્ટ માટે ઉમેદવારી નોંધાવે તે પોતાની ફરજ બજાવવા શારિરીક રીતે સક્ષમ અને ફીટ હોવો જરૂરી છે.

ઉપર જણાવેલ લાયકાત ધરાવતા ઉમેદવારો પાસેથી નિયત નમુનામાં તેમનો બાયોડેટા, બે પાસપોર્ટ સાઈઝના ફોટા , શાળા છોડયાનુ પ્રમાણપત્ર, શૈક્ષણિક લાયકાત, સેમીસ્ટર ૭ અને ૮ ની માર્કશીટ, ડીગ્રી સર્ટીફીકેટ, ઉમર, રોસ્ટર કેટેગરી, અનુભવ, હાલનું વેતન, વિગેરે પ્રમાણપત્રોની ખરી નકલ સાથે **તા.: ૨૫/૦૫/૨૦૦૮** સુધીમાં વિશેષ મહાપ્રબંધકશ્રી (મા.સં.), પીજીવીસીએલ, રજી. એન્ડ કોર્પોરેટ ઓફિસ , નાના મવા મેઈન રોડ ,લક્ષ્મીનગર રાજકોટ. ૩૬૦૦૦૪ ને રજી. એડી થી કવર પર" **વિદ્યુત સહાયક (જુનિયર એન્જીનીયર)** ની જગ્યા માટેની અરજી" એવુ લખી મોકલી આપવી.

**વિશેષ મહાપ્રબંધક (મા.સ.),**
**પીજીવીસીએલ–રાજકોટ**